# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-01-2026 Day: Sunday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## CM-ભુજમાં:

ભુજ ખાતે 'સ્મૃતિવન' મેમોરિયલમાં ૨૦૦૧ના વિનાશક ભૂકંપના દિવંગતોને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે સ્મૃતિવન પરિસરમાં ચેકડેમની મુલાકાત લઈને ભૂકંપના દિવંગતોના પરિવારજનો સાથે સંવેદનાસભર સંવાદ સાધીને સાંત્વના પાઠવી હતી..

ગઈકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કચ્છના ભુજમાં સ્મૃતિવન મેમોરિયલ ખાતે ભુજની સંસ્થાઓ દ્વારા આયોજિત "ધ્રુજારી એક નવી શરૂઆત" કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે સહભાગી થયા હતા. કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત મહાનુભાવોએ વર્ષ ૨૦૦૧ના ભૂકંપના દિવંગતોને સામૂહિક શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. મુખ્યમંત્રીએ કચ્છીમાડુઓના ખમીર અને જમીરને બિરદાવતા ઉમેર્યું હતું કે, પ્રધાનમંત્રીના નેતૃત્વ હેઠળ કચ્છી માડુઓએ ભૂકંપની આપદાને અવસરમાં પલટવાના આહવાનને ઝીલી લીધું હતું. ભૂકંપનો માર સહન કરનારો કચ્છ જિલ્લો આજે પ્રધાનમંત્રીના દિશાદર્શનમાં વિકાસની વાઈબ્રન્સીનું શ્રેષ્ઠ ઉદાહરણ બન્યો છે. ભૂકંપના ૨૫ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે ત્યારે ભૂકંપની આપદામાંથી હેમખેમ બચી ગયેલા લોકોએ પોતાના જીવન સંઘર્ષની ગાથા મુખ્યમંત્રી સમક્ષ રજૂ કરી હતી

---------------------------------------------------------------------------

## રાષ્ટ્રપતિ સંબોધન:

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ 77મા પ્રજાસત્તાક દિવસની પૂર્વસંધ્યાએ આજે રાષ્ટ્રને સંબોધન કરશે. આ સંબોધન આકાશવાણીની તમામ રાષ્ટ્રીય ચેનલો પર સાંજે ૭ વાગ્યાથી અને

દૂરદર્શનની તમામ ચેનલો પર હિન્દીમાં પ્રસારિત થશે, ત્યારબાદ તેનું અંગ્રેજી સંસ્કરણ પ્રસારિત થશે. દૂરદર્શન પર હિન્દી અને અંગ્રેજીમાં સંબોધન પ્રસારિત થયા પછી, દૂરદર્શનની પ્રાદેશિક ચેનલો દ્વારા પ્રાદેશિક ભાષાઓમાં પ્રસારિત કરશે. આકાશવાણી રાત્રે ૯:૩૦ વાગ્યાથી તેના પ્રાદેશિક ચેનલો પર પ્રાદેશિક ભાષાઓમાં રાષ્ટ્રપતિનું સંબોધન પ્રસારિત કરશે.

---

## મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 130મી કડી હશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે.

આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે. જ્યારે મન કી બાતને આવરી લેતું કચ્છી બુલેટિન આજે સાંજે 5 વાગીને 12 મિનિટે આકાશવાણી ભુજ પરથી પ્રસારીત થશે.

---

## રાષ્ટ્રીય મતદાતા દિવસ:

ભારતનું ચૂંટણી પંચ આજે નવી દિલ્હીમાં 16મા રાષ્ટ્રીય મતદાતા દિવસ (NVD-2026) ની ઉજવણી કરશે. આ વર્ષે, કાર્યક્રમની થીમ “મેરા ભારત, મેરા મત” છે, જેની ટેગલાઈન “ભારતીય લોકશાહીના હૃદયમાં નાગરિક” છે.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ નવી દિલ્હીમાં આ પ્રસંગે કાર્યક્રમને સંબોધિત કરશે અને નવા નોંધાયેલા યુવા મતદારોને કાર્ડ સોંપશે.

NVD ની ઉજવણી દેશભરમાં રાજ્ય અને જિલ્લા સ્તરે અનુક્રમે મુખ્ય ચૂંટણી અધિકારીઓ (CEOs) અને જિલ્લા ચૂંટણી અધિકારીઓ (DEOs) ની કચેરીઓ દ્વારા એકસાથે કરવામાં આવે છે. બૂથ લેવલ ઓફિસરો (BLOs) પણ તેમના સંબંધિત મતદાન મથકોના સ્થળોએ કાર્યક્રમોનું

આયોજન કરી અને નવા નોંધાયેલા મતદારોનું સન્માન કરશે તેમજ નવા મતદારોને EPIC સોંપશે.

---

## નર્મદા જયંતી:

ગુજરાતની જીવાદોરી સમી નર્મદા નદીનો આજે પ્રાગટય દિવસ છે. પૌરાણિક કથા અનુસાર રેવા એટલે કે નર્મદા નદીનો ઉદભવ મધ્યપ્રદેશના અમરકંટકની પર્વતમાળામાંથી મહા સુદ સાતમના દિને થયો હોવાનું મનાય છે. આ નદી ગુજરાત,મધ્યપ્રદેશ,મહારાષ્ટ્ર અને રાજસ્થાન એમ ચાર રાજ્યોમાંથી વહે છે. આજે નર્મદાકિનારે નર્મદા જયંતિ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાશે.

---

## ઠંડી(હવામાન):

જિલ્લામાં ફરી એકવાર કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યુંછે. ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં થઇ રહેલી અવિરત હિમવર્ષાની સીધી અસર કચ્છમાં પડીછે. ખાસ કરીને બર્ફીલા પવનોના કારણે ઠારની તીવ્રતામાં વધારો થતા જનજીવનને અસર પહોંચીછે. હવામાન વિભાગના આંકડા અનુસાર નલિયામાં 5 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાતારાજ્યનું સૌથી ઠંડુ મથક બન્યું છે, તો ભુજમાં લઘુત્તમ તાપમાન 9.8 ડિગ્રી નોંધાયું છે. દિવસ દરમિયાન ફૂંકાયેલા પવનોના કારણે લોકો દિવસે પણ ગરમ કપડા પહેરી રાખવામજબૂર બન્યા છે.

સતત બદલાતા  હવામાન અને તાપમાનમાં આવતા  મોટા ચઢાવ ઉતારને કારણે જનજીવનના આરોગ્ય પર વિપરીત અસર થવાની ભીતી સેવાઈ રહી છે.

---

## ક્રિકેટ:

ભારતની 19 વર્ષની વયના યુવા ક્રિકેટરોની ટીમે ન્યુઝીલેન્ડની યુવા ટીમને ત્રીજી વન ડે મેચમાં 7 વિકેટે હરાવી,વિજયની હેટ્રિક નોંધાવી છે. ઝિમ્બાબ્વેના બોલાવાયો ખાતેની મેચ વરસાદના અવરોધને લીધે 37 ઓવરની કરવામાં આવી હતી. ન્યૂઝીલેન્ડ ની ટીમ 135 રન કરી શકી હતી. એ પછી વિજયલક્ષ્ય ઘટાડી 130 રન કરી દેવાતા ભારતે 3 વિકેટ ગુમાવી 130 રન કરી મેચ જીતી લીધી હતી.

---

## મહિલા પ્રિમિયર લીગ:

મહિલા પ્રીમિયર લીગની વડોદરામાં રમાયેલ મેચમા દિલ્હી કેપિટલ્સની ટીમે રોયલ ચેલેન્જર્સ બેંગલોરની ટીમને સાત વિકેટે હાર આપી હતી.બેંગલોરના 109 રનના જવાબમાં દિલ્હીની ટીમે 3 વિકેટ ગુમાવી, 111 રન જીત મેળવી હતી. બેંગલોરની ટીમને સતત પાંચ મેચ જીત્યા પછી પ્રથમવાર હાર ખમવી પડી હતી.

---